**ભાવનગર મહાનગરપાલિકા – ભાવનગર**

કોમ્પ્યુટર વિભાગ, મહાનગર સેવા સદન, સર મંગળસિંહજી રોડ,

ભાવનગર-૩૬૪૦૦૧, ફોન નં.૦૨૭૮-૨૪૩૧૮૮૭

E-Mail : itmanager.bmc@gmail.com Web : bmcgujarat.com

Azadi Ka Amrit Mahotsav

કો.જા.નં. 1338

તા. 18/03/25

**વિષય :- એન-પ્રોક્યોર પોર્ટલ પર પબ્લિશ કરવામાં આવતા ટેન્ડરનાં પ્રથમ પેજની નકલ મોકલવા તેમજ કી/ટોકનના ઉપયોગ બાબત**

**સંદર્ભ** :- ક્રમાંક/મહેકમ/૧/૩૨, તા.૨૧/૦૪/૨૦૨૩

-:: પરિપત્ર ::-

ભાવનગર મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગો દ્વારા ઈ-પ્રોક્યોરમેન્ટ પોર્ટલ એન-પ્રોક્યોર(tender.nprocure.com) પર ઓનલાઈન ટેન્ડર પબ્લિશ કરવામાં આવે છે. અગાઉ તમામ વિભાગો દ્વારા તેઓના વિભાગના પબ્લિશ કરવામાં આવેલ ટેન્ડરોનાં ખર્ચનાં બીલ મેમો બનાવી પેમેન્ટ અંગેની કાર્યવાહી કરવામાં આવતી હતી પરંતુ આ બીલોનું ૯૦ દિવસમાં પેમેન્ટ ન થયેથી કિ બ્લોક થઈ જવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો હોય સમયસર બીલોનું ચૂકવણું થાય તે માટે એન-પ્રોક્યોર પોર્ટલ પર પબ્લિશ કરવામાં આવતા તમામ વિભાગોના ટેન્ડરોનાં ખર્ચનાં બીલો સેન્ટ્રલાઈઝ કરવા સંદર્ભ-(૧)થી કોમ્પ્યુટર વિભાગને અધિકૃત કરવામાં આવેલ છે તેમજ તેની કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવેલ છે.

આ બાબતે નિયત થયેલ કાર્યપધ્ધતિનાં મુદ્દા નં.(૧) મુજબ મહાનગરપાલિકાનાં જુદા-જુદા વિભાગમાંથી એન-પ્રોક્યોર પોર્ટલ પર પબ્લિશ કરવામાં આવેલ ઓનલાઈન ટેન્ડરની પ્રથમ પેજની નકલ સબંધિત વિભાગનાં શાખાધિકારીશ્રીનાં સહિ-સિક્કા સાથે બીજા જ દિવસે કોમ્પ્યુટર વિભાગને અચુક પણે મોકલવાની રહે છે પરંતુ અનુભવે એવું જણાયેલ છે કે ઘણા વિભાગો દ્વારા એન-પ્રોક્યોર પોર્ટલ પર ઓનલાઈન ટેન્ડર પબ્લિશ કરી લાંબા સમય સુધી ટેન્ડરની પ્રથમ પેજની નકલ કોમ્પ્યુટર વિભાગને મોકલવામાં આવતી નથી જેનાં પરીણામે કોમ્પ્યુટર વિભાગને સંબંધિત વિભાગો સાથે અવાર-નવાર પત્ર-વ્યવહાર કરીને ટેન્ડરનાં પ્રથમ પેજની નકલ મંગાવવાની ફરજ પડે છે આ પ્રક્રિયામાં સમય વ્યતિત થતો હોય ટેન્ડરીંગ ખર્ચનું ચૂકવણું કરવામાં વિલંબ થતો હોય છે. આથી મહાનગરપાલિકાનાં તમામ વિભાગોને તેમનાં વિભાગ દ્વારા એન-પ્રોક્યોર પોર્ટલ પર પબ્લિશ કરવામાં આવેલ ઓનલાઈન ટેન્ડરની પ્રથમ પેજની નકલ શાખાધિકારીનાં સહિ-સિક્કા સાથે ટેન્ડર પબ્લિશ થયાનાં બીજા જ દિવસે કોમ્પ્યુટર વિભાગને અચુક પણે પહોંચાડવા પુન: સુચના આપવામાં આવે છે.

વધુમાં, અગાઉ મ્યુનિસિપલ સેવામાં હોય અને હાલ નિવૃત્ત હોય તેવા અધિકારિશ્રીઓનાં નામે નોંધાયેલ કિ/ટોકનનો ઉપયોગ કરીને અમુક વિભાગ દ્વારા ટેન્ડર પબ્લિશ કરવામાં આવતાં હોવાનું પણ ધ્યાને આવેલ છે જે તદ્દન ગેરવ્યાજબી હોય નિવૃત્ત અધિકારી-કર્મચારીશ્રીનાં ટોકન/કી નો ઉપયોગ ન કરવા આથી સુચના આપવામાં આવે છે.

ઉપરોક્ત બાબતોમાં કસુર કર્યેથી સંબંધિતો સામે ધોરણસરના પગલાં લેવામાં આવશે જેની ભાવનગર મહાનગરપાલિકાનાં તમામ અધિકારી-કર્મચારીશ્રીઓએ ખાસ નોંધ લેવી.

“નોંધ પરની માન. કમિશનર સાહેબશ્રીની આજ્ઞાનુસાર”

નાયબ કમિશનર(જનરલ)
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

11/3

O/C

**<u>નકલ જાણ તથા અમલ થવા સારૂ :-</u>**

તમામ શાખાધિકારીશ્રીઓ તરફ